ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૪/૨૨–૨૩/ 3262 તારીખ : 07 OCT 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૪/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ,**
**શ્રી સ્વામિનારાયણ મંદિર,**
**મું.ગઢડા(સ્વામીના)–૩૬૪ ૭૫૦**
**જી.બોટાદ**

**મો.નં – ૦૨૮૪૭ ૨૫૨૮૦૦/૨૫૨૯૦૦**

**વિષય : ઈલે.ડ્યુટીનું પૂરવણી બિલ રદ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૦૮/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૦૮/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૨–૨૩/૨૬૧૯ તા.૧૮/૦૮/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૨–૨૩/૨૮૪૦ તા.૦૯/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૯/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૨, ગઢડા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૩૪/૨૨–૨૩ ☜

વાદી :– **શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ સુનાવણીની તારીખઃ– તા.૧૯/૦૯/૨૦૨૨ ◈

હાજર રહયા :– **શ્રી સુરેશભાઈ દામજીભાઈ ગાબાણી (વાદી ના ટ્રસ્ટી)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ, મું.ગઢડા(સ્વા.), જી.બોટાદની ઈલે.ડ્યુટી નું પુરવણી બિલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૪/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૪/૨૨–૨૩/૨૬૧૯ તા.૧૮/૦૮/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ વતી તેમના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ દામજીભાઈ ગાબાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ, શ્રી સ્વામિનારાયણ મંદિર, ગઢડા, ગ્રાહક નં–૬૦૧૦૧/૦૩૪૪૦/૭ થી GLP કેટેગરીનું કનેકશન ધરાવે છે.

૧.૨ શ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ ના જીએલપી કનેકશનમાં ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં– જીએસડી/રેવ/૫૧ તા.૦૬/૦૧/૨૦૧૭ થી રૂ.૬,૪૨,૧૫૪/૩૮ નું બિલ અમોને મોકલેલ છે. પત્રની નકલ સામેલ છે.

૧.૩ શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ, ગઢડા સ્વામીનારાયણ સંપ્રદાય નું સૌથી મોટું તીર્થધામ છે. અહી સત્સંગી, હરિભકતો,ઉપરાંત દેશ વિદેશના શ્રધ્ધાળુ લોકો ભગવાન સ્વામીનારાયણ સ્થાપિત ગોપીનાથજી મહારાજના દર્શનાર્થે

આવે છે તે તમામ શ્રધ્ધાળુઓને વિના મૂલ્યે રહેવા જમવાની વ્યવસ્થા આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. સત્સંગ હોલ સંતોના નિવાસ, ભોજનાલય તેમજ સંસ્થાના સેવકો માટેની નિશુલ્ક કરવામાં આવે છે.



૧.૪ શ્રી ગોપીનાથજી દેવમંદિર સંસ્થા સાર્વજનીક નોંધાયેલ ટ્રસ્ટ છે. જેના આપવામાં આવતા તમામ વિજ બિલ નિયમીત રીતે ભરવામાં આવે છે. તેમજ જયારે જયારે પીજીવીસીએલ દ્વારા એડવાન્સ વિજ બિલની માંગણી કરેલ હોય, ત્યારે આ સંસ્થા દ્વારા મોટી રકમ અવાર નવાર ભરપાઈ કરવામાં આવે છે.

૧.૫ અમોને આપવામાં આવેલ સદરહુ પુરવણી બિલ બાબતે અમોએ હોનરેબલ હાઈકોર્ટ, ગુજરાત માં અરજી કરેલ.જેનો નંબર–૨૧૮૫/૨૦૧૭ છે. તેમના તરફથી તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ ઓર્ડર કરેલ છે કે, તમો આ બાબતને કન્ઝયુમર ફોરમમાં રજૂઆત કરો.

૧.૬ આવા જ વિધુત શુલ્ક રકમની શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામિનારાયણ મંદિર, લીંબડી નું મુલત્વી રાખવા માટે વિધુત શુલ્ક સમાહર્તા, ગાંધીનગર દ્વારા તેમના પત્ર નં–જી/યદર/ધાર્મિક/સુરેન્દ્રનગર/પ.૩.૧૬...૧૧૩૧૫ તા.૨૯/૦૪/૨૦૧૭ થી પીજીવીસીએલ અધિકારીને લેખિતમાં જાણ કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ, શ્રી સ્વામિનારાયણ મંદિર, ગઢડા ગ્રાહક નં–૬૦૧૦૧/૦૩૪૪૦/૭ ના GLP કનેકશનમાં ૧૫% લેખે વિધુત શુલ્કની આકારણી કરવામાં આવતી હતી. જે બાબતે ઈન્ટરનલ ઓડીટની ટીમ સંદિપ દેસાઈ એન્ડ કું, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા તા.૩૦/૧૨/૨૦૧૬ ના રોજ ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરીના ઓડીટમાં તા.૦૧/૦૯/૨૦૧૧ થી તા.૩૦/૧૧/૨૦૧૬ સુધીની વિધુત શુલ્ક ૨૫% ના બદલે ૧૫% લેખે આકારણી થતી હોવાનું ધ્યાને આવતા, વિધુત શુલ્કના તફાવતની રકમ રૂા.૬,૪૨,૧૫૪/૩૮ વસુલ કરવા માટે જણાવવામાં આવેલ.

૨.૨ જે મુજબ ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા વાદી શ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ ને પત્ર નં–જીએસડી/રેવ/૫૧ તા.૦૬/૦૧/૨૦૧૭ થી રૂા.૬૪૨૧૫૪/૩૮ વિધુત શુલ્કના તફાવતની રકમ નું પુરવણી બિલ આપી ભરપાઈ કરવા માટે જાણ કરવામાં આવેલ.

૨.૩ જે વિધુત શુલ્ક ની તફાવતની રકમ વાદી શ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ દ્વારા ભરપાઈ ન થતાં, ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–જીએસડી/રેવ/૯૮૯ તા.૦૪/૦૩/૨૦૧૭ થી બાકી રકમ ભરપાઈ ન થાય તો, વિજ જોડાણ કાપવા બાબતની સાત(૭) દિવસની નોટીસ આપવામાં આવેલ. જે મુજબ પણ ગ્રાહક દ્વારા નોટીસ મુજબની રકમ ભરપાઈ ન થતાં, ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–જીએસડી/ટિક/રેવ /એસ્ટા/૬૬૨ તા.૨૦/૦૩/૨૦૧૭ થી ૨૪ કલાકની નોટીસ આપવામાં આવેલ. તેમજ તેની જાણ પણ સંબંધીત ખાતા ને કરવામાં આવેલ. તેમ છતાં,ગ્રાહક દ્વારા વિધુત શુલ્ક તફાવતની રકમ ની ભરપાઈ ન થતાં, તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ બપોરે સમય ૧૨–૨૦ કલાકે સદર વિજ જોડાણ નો વિજ પુરવઠો બંધ કરવામાં આવેલ અને તેની જાણ પણ ગ્રાહકને જીએસડી/ટિક/રેવ/એસ્ટા/૧૬૮૧ તા.૨૪/૦૩/૨૦૧૭ થી કરવામાં આવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૪ ઉપરોકત મુજબ વાદીના વિજ જોડાણ નો વિજ પુરવઠો બંધ કરતા પહેલા ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા સી.પી.કોડ કલમ–૧૪૮/એ અન્વયે, ભાવનગર ના મહે.પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં કેવીએટ અરજી નં–૩૪/૧૭ તા.૨૩/૦૩/૨૦૧૭ થી તેમજ મહે.પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટ ગઢડા કેવીએટ અરજી નં–૩/૧૭ અરજી દાખલ કરવામાં આવેલ.

૨.૫ જે બાબતે વાદી શ્રી ગોપીનાથજી દેવમંદિર ટ્રસ્ટ, શ્રી સ્વામીનારાયણ મંદિર,ગઢડા દ્વારા નામ.હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં–૬૧૮૫/૨૦૧૭ દાખલ કરવામાં આવેલ. જેમાં, તા.૨૪/૦૩/૨૦૧૭ ના હુકમનામા મુજબ સદર ગ્રાહકના વિજ જોડાણ નો પુરવઠો તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ સાંજના ૭.૪૫ કલાકે ફરીથી ચાલુ કરવામાં આવેલ છે.

૨.૬ વાદી દ્વારા નામ.હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સિવિલ એપ્લીકેશન નં–૬૧૮૫/૨૦૧૭ માં આગળ કાર્યવાહી થતાં, તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ નામ.હાઈકોર્ટ દ્વારા વાદી/ગ્રાહક ને ૨(બે) માસમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં અરજી કરવા માટેનો ચુકાદો આપવામાં આવેલ છે.

૨.૭ વધુમાં, વાદી દ્વારા શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામિનારાયણ, લીંબડી બાબતે જે રજૂઆત કરવામાં આવેલ છે તે ફકત જે તે કેસ પૂરતી સીમીત છે. તેમજ તેવી વિધુત શુલ્કની રકમ માફ નથી કરવામાં આવેલ. પરંતુ, જે તે સમયે ફકત સ્થગીત કરવા માટે વિધુત શુલ્ક સમાહર્તા, ગાંધીનગર દ્વારા જાણ કરવામાં આવેલ છે. પરંતુ, વાદી શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ,શ્રી સ્વામીનારાયણ મંદિર,ગઢડા બાબતે વિધુત શુલ્ક સમાહર્તા, ગાંધીનગર દ્વારા કોઈ જાણ કરવામાં આવેલ નથી.

૨.૮ આમ, અમો પીજીવીસીએલ કંપની દ્વારા વિધુત શુલ્ક ના તફાવતની રકમ માટે આપવામાં આવેલ રકમ વસુલવા માટે હકક ધરાવતા છીએ. જેને ધ્યાને લેવા વિનંતી છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

**૩.૧ વાદી શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ, ગઢડા(સ્વા.) દ્વારા તેમના જીએલપી ટ્રસ્ટના વિજ કનેકશન ગ્રાહક નં– ૬૦૧૦૧/૦૩૪૪૦/૭ માં પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા રૂા.૬,૪૨,૧૫૪/૩૮ + વ્યાજ ની વસુલાત ના ઓડીટ બિલ સામે તકરાર ઉભી થતા ફોરમને રજૂઆત કરેલ છે.**

**૩.૨ આજરોજ તા.૧૯/૦૯/૨૦૨૨ ની સુનાવણીમાં બંને પક્ષોના પ્રતિનિધિઓએ હાજર રહી પોત પોતાનો પક્ષ રજૂ કરેલ છે.**

**૩.૩ પ્રતિવાદી દ્વારા રીકવરીની રકમની ભરપાઈ વાદી દ્વારા ન કરવામાં આવતા કનેકશન કાપવા માટેની નોટીસ** તા.૨૨/૦૩/૨૦૧૭ ના રોજ આપવા છતાં, રકમ ભરપાઈ ન થતાં, તા.૨૩/૦૩/૨૦૧૭ ના રોજ કનેકશન કાપી નાંખવામાં આવેલ. જેનો વાદી દ્વારા નામ.કોર્ટમાં સ્પે.સિવીલ એપ્લીકેશન નં–૬૧૮૫/૨૦૧૭ દાખલ કરવામાં આવતા, તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ નામ. ગુજરાત હાઈકોર્ટ ના આદેશ મુજબ તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ પુનઃ શરૂ કરી આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ નામ. અદાલતમાં આપેલ ચુકાદાના આધારે વાદીને પ્રથમ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરવાનો પ્રાયમરી ચુકાદો આપતા ફોરમ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ છે.

૩.૪ આ તબકકે રજૂ થયેલ રેકર્ડ તથા રજૂઆતના આધારે જણાય છે કે, પ્રતિવાદીના ઓડીટ ટીમ દ્વારા વાદીના જીએલપી કનેકશન માં પ્રતિવાદી દ્વારા ૧૫% ઈલે.ડયુટી વસુલવામાં આવતી હતી તે ઓડીટ ટીમને ધ્યાને આવેલ. જયારે કે,પ્રતિવાદી દ્વારા ૨૫% લેખે ઈલે.ડયુટી વસુલવાપાત્ર થતી હતી. આથી, ઓડીટ ટીમ દ્વારા ૧૦% ઈલે.ડયુટી તફાવતની રકમ રૂા.૬,૪૨,૧૫૪/૩૮ ની જે રીકવરી કાઢવામાં આવેલ છે તે નિયમોનુસાર અને કાયદેસરનીછે અને વાદીને ભરવાપાત્ર છે.

વિશેષમાં પ્રતિવાદીની રજૂઆત છે કે, અન્ય આવા એક કેસમાં શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામી મંદિર–લીંબડી ની રજૂઆતમાં વિધુત ઈલે.ડયુટી સમાહર્તા, ગાંધીનગર દ્વારા જે તે કેસમાં વાદીની ડયુટી તફાવતની રકમની વસુલાત માત્ર સ્થગીત કરવામાં આવેલ છે, માફ કરવામાં આવેલ નથી. આમ, પ્રસ્તુત કેસ ને લીંબડીના કેસ સાથે સરખાવી રીકવરી ની રકમ માફ કરવાની વાદીની રજૂઆત ગ્રાહય રાખી શકાય નહી.

૩.૫ પ્રતિવાદી દ્વારા તેમની કોર્પોરેટ ઓફીસ ને પત્ર નં–PGVCL/REV/ED/2020-21/A19/ 335 dtd.29.06.2020 રજૂ કરેલ છે. જેમાં દર્શાવ્યા મુજબ આ પ્રકારના GLP કનેકશનમાં ઈલે.ડયુટી વસુલાત અંગેનો ઈલે.ડયુટી સમાહર્તાની કચેરી નો પત્ર નં–૭૩૫૪ તા.૧૧/૦૫/૨૦૨૦ નો ઉલ્લેખ કરી GLP કનેકશન પર વસુલવા પાત્ર ઈલે.ડયુટીનો દર ૨૫% થી ઘટાડીને ૧૫% કરવામાં આવેલ છે. જેની સામે હાલ પ્રતિવાદી ૨૦% લેખે વસુલાત કરે છે. જે સુસંગત જણાતું નથી.

આથી, પ્રતિવાદીને સુચિત કરવામાં આવે છે કે, તા.૨૯/૦૬/૨૦૨૦ ના પત્ર મુજબ સદરહુ કનેકશન પર ૧૫% લેખે જ ઈલે.ડયુટી વસુલવી તેમજ આજદિન સુધીમાં જે પણ રકમ શરતચૂકથી વાદી પાસેથી વધુ વસુલેલ છે જે રકમ ગ્રાહકના ખાતામાં જમા આપવી.

તેમજ ફોરમને જણાય છે કે વાદી દ્વારા કરાયેલ નામ. ગુજરાત હાઈકોર્ટ સ્પે. સિવિલ એપ્લીકેશન ન. ૬૧૮૫/૨૦૧૭ માં તા. ૦૧/૦૮/૨૦૨૨ ના રોજ થયેલ પ્રાયમરી હુકમને ધ્યાનમાં લેતા, પ્રતિવાદીને જણાવવામાં આવે છે કે, તા. ૨૪/૦૩/૨૦૧૭ બાદના સમય માટે રીકવરીની રકમ ઉપર વિલંબિત ચુકવણી ચાર્જની વસુલાત કરવી નહિ, પરંતુ ૨૪/૦૩/૨૦૧૭ ના અગાઉની રકમ ઉપર જ કંપનીના નિયમ મુજબ વસુલ કરી શકાશે. સવિશેષ નામ. હાઇકોર્ટનો આખરી હુકમ બંને પક્ષોને બંધનકર્તા રહેશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ પ્રસ્તુત દસ્તાવેજી પુરાવાના** આધારે ઉપરોક્ત તારણ ક્રમાંક **૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- **૧૯/૦૯/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar